# લાઈફ મેં રિસ્ક તો લેના હી મંગતા

**જંગે ચડયો છું અક્ષૌહિણી સેનાની સામે કૌરવોની અભિમન્યુ શો એકલો હું, આજ બસ રંગે ચડયો છું, અંગ પર ખીલી ઊઠયા ઘાવના ગુલમહોર પણ એ જ મારો તોર યુદ્ધનો આનંદ પૂરો માણતો... હું એકલો મયદાનવી દળ-છળ બધા સામે પડયો છું મેદાનમાં લડતાય વળી ચિંતા શાને? જાણું છું કે હારવાનો હું નથી સર્વને આલિંગનારી પ્રીતથી, ઝળકવા હું કાળથી સામે પડયો છું. એકલો જંગે પડયો છું...**

હમણાં એક ટીવી ચેનલ પર વિજયેન્દ્રનો એક ઈન્ટરવ્યૂ આવતો હતો. ભારતને ઓલિમ્પિકમાં મેડલ અપાવનાર આ ભડનો દીકરો બોક્સિંગ માટે ખૂબ જ મહત્ત્વનો નિયમ કહે છે. બોક્સિંગમાં જે મારે છે એ જીતતો નથી. જે વધારે માર ખાય છે એ જીતે છે. જે પછડાઈ ગયા પછી ફરી ઊભો થાય છે એ જીતે છે. જે દાંતમાં આવેલું લોહી પછી પાછો લડવા આવે છે એ જીતે છે. જે છ મહિના પછી પાછો લડવા આવે છે એ જીતે છે. જીતની એક ક્ષણ માટે છ મહિના હારતા રહેવાની ધીરજ અને ફરી પાછી જીતવાનું જક્કીપણું હોય એ જીતે છે. ક્યાંક ને ક્યાંક આપણા બધામાં બોક્સર વિજેન્દ્ર છુપાયેલો છે. જીવન એક યુદ્ધ છે અને યુદ્ધ જીતવાનો નિયમ બોક્સિંગ રિંગનો છે. જીવન એક રસ છે, આંધળી દોટ નથી મૂકવાની, પણ દોડતા રહેવાનું છે એ નક્કી છે. હ્યુસેન બોલ્ટ આપણા બધામાં છે. આ જિંદગીની મેરેથોનમાં દોડતા રહેવાથી સંકલ્પશક્તિ દૃઢ થાય છે. ઝૂઝતા રહેવાનું, ન હારવું, ન તૂટવું, ફેંકાતા રહેવાનું, પછડાતા રહેવાનું અને ફરી પાછા ઊભા થતાં રહેવાનું, આ જ જીવન છે. કાર્ડિયોગ્રામમાં લાઇફલાઈન ઝીકઝેકવાળી હોવી જરૂરી છે. સીધી લાઈન થઈ જાય તો...

પણ, આપણને કુહાડી પર પગ મારવાની આદત પડી ગઈ છે, પરિસ્થિતિને ઘુંટણીએ પડીને, તંગ આવી જઈને, નાની નાની મુશ્કેલીમાં જીવનથી તોબા પોકારી જઈએ છીએ, ઓ મા ! માતાજી.

છોકરીથી લઈને નોકરીનું ટેન્શન, કંપનીના બોસથી માંડીને શેરબજારના લોસની ચિંતા, કોલેજમાં એટીકેટીની બીક, ગર્લફ્રેન્ડના બાપાની બીક, ડરી ડરીને જીવવાના કારણે વિચારી વિચારીને નીચું જોઈ જોઈને જાળવી જાળવીને ચાલે રાખવાને લીધે સામે ભીત સાથે જ માથું ભટકાતું હોય છે. લાઈફ મેં રિસ્ક તો લેના પડતા હૈ, બધું ત્રાજવે તોલી તોલી ને થઈ શકતું નથી. જેની કલ્પના કે અપેક્ષા પણ ન હોય તેવું જોખમ આવી જાય ત્યારે લકી લેવું પડે છે, રિસ્ક લેવું પડે છે.

એક સાઉથ ઈન્ડીયન બિરાદર કે જે એન્જિનિયર છે, ચેન્નાઈથી મોટી-મોટી આશા સાથે અહીં આવીને ભણે છે, ડિગ્રીના ફરફરિયા લઈને કંપનીઓના ચક્કર મારે છે, પણ પરિણામ શૂન્ય, પછી એ જોખમ ખેડે છે. ઢોસા, ઈડલી, ઉત્તપાનો ઠેલો લગાવી દે છે અને આજે તેનો સાંભાર ખાવા માટે લોકો લાઈન લગાવે છે. આજે એણે બીજા ચાર એન્જિનિયરને પોતાને ત્યાં નોકરી પર રાખ્યા છે !

દરેક ટાર્ગેટને જીવન-મરણનો પ્રશ્ન બનાવી દેવો જોઈએ. જીવનની રમતમાં જીતવા માટે જક્કીપણું, ગાંડપણ, ઝનૂન થવું જરૂરી છે. ચાર અમેરિકન સૈનિક જીપમાં બેસી જંગલમાં જાસૂસી કરવા જાય છે. આગળ ખૂબ નિકળી જાય છે. રસ્તો સાંકડો છે. આગળ દુશ્મનનો પડાવ છે. પાછા વળે તો જ બચી શકે. ગાડી વાળવા માટે રસ્તામાં જગ્યા નથી. રીવર્સ ચલાવી શકાય પણ એ ધીમી ચાલે અને

અવાજ વધુ થવાથી પકડાઈ જવાય. તરત જ નિર્ણય લીધો. ચારેય જણ નીચે ઊતર્યા. જીપ ઊંચી કરીને મોઢું ફેરવી નાખ્યું બચી ગયા અને પાછા આવ્યા. કેમ્પમાં સાથી મિત્રોને વાત કરી તો કોઈ સાચું ન માને. એટલે પેલા ચારેય ફરી જીપ ઉંચકીને દેખાડવા ગયા તો જીપ ઊંચી પણ ન થઈ. કેમ ખબર છે ? ત્યાં મૃત્યુ સામે દેખાતું હતું એટલે કાર્ય સિદ્ધિ મળી. દરેક સમસ્યાને જીવન-મરણનો પ્રશ્ન બનાવી લઈએ તો સફળતા મળી જ સમજો. સૂર્યાજી પોતાના સૈનિકો સાથે સિંહગઢ પર ચડી ગયા પછી જે દોરડાની મદદથી ઉપર ચડયા હતા, તેને કિલ્લાની રાંગમાંથી કાપી નાખ્યા એટલે લડાઈમાંથી પાછા ભાગવા માગતા રડયા ખડયા સૈનિક સામે પણ ઔરંગઝેબના સૈનિક સાથે લડીને મારવા કે મરવા સિવાય બીજો કોઈ વિકલ્પ જ ન રહે. જ્યારે બીજી બાજુ મોગલ સૈન્ય સામે લડે અથવા કિલ્લાના ગુપ્ત ભોયરામાં સંતાઈને ભાગી જાય અને આવા એકાધિક વિકલ્પ હોવાના કારણે જ એ બધા પરાજિત થયા. કલર ઈન્સ્ટિંગ વિના જીતવું મુશ્કેલ છે.

ભણતર પુરૂં થયા પછી **ILETS** કે **GRE** આપી બહાર ભાગી જવાની ઇચ્છા હોય, પણ વળી વૈશ્વિક મંદીના સમાચાર સાંભળીને ઓસ્ટ્રેલિયામાં ભારતીયો પરના અત્યાચાર વાંચીને વિચાર પરી જાય. બાપાએ ગોઠવી દીધેલા ધંધામાં જીવ ન ચોંટે, જે પેકેજ સાઈન કરી કંપની જોઈન્ટ કરી હોય ત્યાં બીજા દિવસથી જ કંટાળો આવે, કારણ કે અખબારમાં બીજી સારી ઓફર જોઈ લીધી. સિવિલ લાઈન લીધા પછી હજુ પણ કમ્પ્યુટર સાયન્સ લીધું હોય તો સારું હતું એવા વિચાર આવે રાખે. આ બધા ભરાવી રાકેલાં દોરડાં છે. એકવાર ઉપર ચડયા પછી પાછળના દોરડા કાપી નાખીને આગળ જ ઝંપલાવવું જરૂરી છે.

આમ કર્યું હોત તો આમ થાય અને ફલાણું કર્યું હોત તો ઢીકણું થાત, એવા ટુ બી ઓર નોટ ટુ બી વાળા એટિટયૂડમાંથી બહાર આવવું પડશે. જન્મકુંડળીના ગ્રહો પ્રમાણે નહીં જીવી નાખવાનું, પણ દર વખતે જોષીએ પણ કુંડળી બદલતા રહેવું પડે તેમ જીવતા રહેવાનું. આપણા હાથમાં વિધાતાની લગામ નથી. તો એને એનું કામ કરવા દઈએ. આપણી પાસે સામનો કરવાની શક્તિ તો છે ને ? દેખાડી દેવાનું ખુન્નસ હોવું જરૂરી છે. ભગવાનને પણ ચેલેન્જિંગ લોકો પસંદ છે. હોમર આંધળા હતા, પણ દુનિયાનું પ્રખ્યાત મહાકાવ્ય તેમનું સર્જન છે, ડેમોસ્થેનિઝ જીભથી તોતડા હતા પણ દુનિયાના સૌથી પ્રભાવશાળી વક્તા હતા. વ્હિલ્મા રુડોલ્ફને નાનપણમાં પગમાં લકવો થયો. વરસો સુધી પથારીવશ રહ્યા, પણ મનની જિદને કારણે ઓલિમ્પિકમાં દોડવાની હરીફાઈમાં તેમણે ત્રણ મેડલ પ્રાપ્ત કર્યા.

પરિસ્થિતિને ઘૂંટણીએ પડી જનારા લોકો ઈશ્વરને ઓછા પસંદ છે. હવે "પ્રભુ મને તારામાં શ્રદ્ધા છે" કહેવાના જમાના ગયા. હવે તો ઈશ્વરને નવું ઈલેક્ટ્રિ ફાઈંગ વાક્ય સંભળાવવાનું છે – "હે ઈશ્વર તું મારામાં શ્રદ્ધા રાખ." તે આપેલી મુશ્કેલીને મેં મર્દાનગીથી સ્વીકારી છે. હું લડી રહ્યો છું, મથી રહ્યો છું, પણ થાકી નથી ગયો...

.......................................................................................................

**ફ્રિ હીટ**

એક વાર દેડકાંઓએ ઊંચા શિખર પર ચડવાનું નક્કી કર્યું, બધાં અંદરઅંદર વાત કરવા લાગ્યા કે ઉપર તો ચડાય જ નહીં, અશક્ય. થોડીવારમાં એક દેડકો ત્યાં પહોંચી ગયો, કારણ કે એ બહેરો હતો. નકારાત્મકતા સામે બહેરા બનો.